# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત
શ્રી કમલમ્

આઝાદી કા અમૃત મહોત્સવ

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


**પ્રેસનોટ:-2380/04/2024** **તા.27.04.2024**

**સુરત ખાતે આમ આદમી પાર્ટીના પુર્વ આગેવાન શ્રી અલ્પેશભાઇ કથીરિયા અને શ્રી ધાર્મિકભાઇ માલવીયા તેમના સમર્થકો સાથે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના હસ્તે ખેસ અને ટોપી ધારણ કરી ભાજપમા જોડાયા.**

**----**

**મોદી સાહેબ સતત ત્રીજી વખત વડાપ્રધાન બનવા જઇ રહ્યા છે ત્યારે ગુજરાત પણ 26 માથી 26 બેઠકો જીતી હેટ્રીક કરવા જઇ રહ્યુ છે. – શ્રી સી.આર.પાટીલ**

**----**

**કોંગ્રેસ વાળા સનાતન ધર્મમા માનતા નથી,સનાતન ધર્મનો વિરોધ કરે છે.- શ્રી સી.આર.પાટીલ**

**----**

**દેશમા ત્રણ પ્રકારની રાજકીય પાર્ટીઓ છે જેમા એક પાર્ટીને કંઇ કામ કરવુ નથી પણ જે સારુ કામ કરે તેનો વિરોધ કરી સત્તા મેળવવી છે જ્યારે બીજી પાર્ટી છે જે પોતાના પરિવારનુ હિત ઇચ્છે છે અને ત્રીજી પાર્ટી ભારતીય જનતા પાર્ટી છે કે જે રાષ્ટ્રની વિચારધારા સાથે કામ કરે છે. – શ્રી જનકભાઇ બગદાણા**

**----**

**દેશમા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ત્રીજી વખત વડાપ્રધાન બનવા જઇ રહ્યા છે ત્યારે સૌથી પહેલુ કમળ સુરતથી મોકલાવ્યું છે. – શ્રી દક્ષેશભાઇ માવાણી**

**----**

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

75 આઝાદી કા અમૃત મહોત્સવ

## દેશમા આજે રામમય અને મોદીમય વાતાવરણ જોવા મળે છે. – શ્રી મુકેશભાઇ દલાલ

----

## આજે ભાજપની રાષ્ટ્રવાદની વિચારધારાથી પ્રેરાઇ પક્ષમા જોડાયો છું – શ્રી ધાર્મિકભાઇ માલવીયા

----

## આજે સૌને વિશ્વાસ અપાવવું છું કે સમાજના હિત અને રાષ્ટ્રહિત માટે કામ કરતા રહીશું. – શ્રી અલ્પેશ કથીરિયા

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ તેમજ દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબે જે રીતે દેશમા વિકાસ અને રાષ્ટ્રનીતી માટે કામ કર્યુ છે તેનાથી પ્રેરાઇ વિવિધ રાજકીય અને સામાજીક આગેવાનો ભારતીય જનતા પાર્ટીમા જોડાઇ રહ્યા છે ત્યારે આજરોજ આમ આદમી પાર્ટીના પુર્વ આગેવાનશ્રી અલ્પેશ કથિરીયા અને શ્રી ધાર્મિકભાઇ માલવિયા તેમના સમર્થકો સાથે સુરત ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના વરદ હસ્તે ખેસ અને ટોપી ધારણ કરી ભારતીય જનતા પાર્ટીમા જોડાયા. આ કાર્યક્રમમા સુરત મહાનગર સંગઠનના મહામંત્રીશ્રી કાળુભાઇ ભિમનાથે સ્વાગત પ્રવચન કર્યુ હતું.

પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું કે, આ દેશ સુવર્ણ કાળમાથી પસાર થઇ રહ્યો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ વિકસીત ભારતના સંકલ્પને સાકાર કરવા કામ કરી રહ્યા છે. લોકસભા ચૂંટણીમા 25 બેઠકો પર ભાજપના ઉમેદવારો જંગી મતોથી જીતે તે માટે પ્રયત્ન કરજો. મોદી સાહેબ સતત ત્રીજી વખત વડાપ્રધાન બનવા જઇ રહ્યા છે ત્યારે ગુજરાત પણ 26 માથી 26 બેઠકો જીતી હેટ્રીક કરવા જઇ રહ્યુ છે. કોંગ્રેસ વાળા સનાતન ધર્મમા માનતા નથી,સનાતન ધર્મનો વિરોધ કરે છે. જે રામનો નથી તે કોઇનો નથી તે યાદ રાખવાનુ છે.

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

સુરત શહેરમા મેયરશ્રી દક્ષેશભાઇ માવાણીએ સંબોધન કરતા જણાવ્યું કે, દેશમા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ત્રીજી વખત વડાપ્રધાન બનવા જઇ રહ્યા છે ત્યારે સૌથી પહેલુ કમળ સુરતથી મોકલાવ્યું છે. ભાજપે વિચારધારા સાથે કોઇ બદલાવ નથી કર્યો. આજે આયુષ્યમાન કાર્ડ થકી દર્દીઓને સારામા સારી હોસ્પિટલમા સારવાર મફત થાય છે તે એક મતની તાકાત છે. સુરત શહેરમા ટ્રાફિકની સમસ્યા હલ થાય તે દિશામા કામ થઇ રહ્યુ છે. કોરોનાના સમયમા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશવાસીઓને બે-બે રસીના ડોઝ ફ્રીમા આપ્યા છે.

પ્રદેશના ઉપાધ્યક્ષશ્રી જનકભાઇ બગદાણાએ સંબોધન કરતા જણાવ્યું કે, પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી હમેંશા કહે છે કે એવા યુવાનોને પાર્ટીમા જોડવા જોઇએ જેમને રાષ્ટ્રમાટે કામ કરવાની ઇચ્છા હોય ત્યારે આજે શ્રી અલ્પેશભાઇ અને શ્રી ધાર્મિકભાઇ ભાજપની વિચારધારા સાથે જોડાઇ રહ્યા છે તેમને આવકારુ છું. આ દેશમા ત્રણ પ્રકારની રાજકીય પાર્ટીઓ છે જેમા એક પાર્ટીને કંઇ કામ કરવુ નથી પણ જે સારુ કામ કરે તેનો વિરોધ કરી સત્તા મેળવી છે જ્યારે બીજી પાર્ટી છે જે પોતાના પરિવારનુ હિત ઇચ્છે છે અને ત્રીજી પાર્ટી ભારતીય જનતા પાર્ટી છે કે જે રાષ્ટ્રની વિચારધારા સાથે કામ કરે છે. ગુજરાતમા વિધાનસભામા સૌથી વધુ બેઠકો જીતવાનો શ્રેય આપણા પ્રદેશ અધ્યક્ષને મળ્યો છે.

શ્રી મુકેશભાઇ દલાલે સંબોધન કરતા જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ભારતને વિકસીત ભારત બનાવવાનો સંકલ્પ કર્યો છે તે દિશામા કામ કરી રહ્યા છે તેનાથી પ્રેરાઇ આજે યુવાનો ભારતીય જનતા પાર્ટીમા જોડાઇ રહ્યા છે. લોકસભા ચૂંટણીમા આજે બે ફેઝનુ મતદાન પુર્ણ થયુ છે. દેશમા આજે રામમય અને મોદીમય વાતાવરણ જોવા મળે છે.

શ્રી ધાર્મિકભાઇ માલવિયાએ સંબોધન કરતા જણાવ્યું કે, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમા દેશ વિશ્વગુરુ તરફ આગળ વધી રહ્યો હોય ત્યારે આજે તેમના સારથી તરીકે ભાજપમા જોડાયો છું. આજે ભાજપની રાષ્ટ્રવાદની વિચારધારાથી પ્રેરાઇ પક્ષમા જોડાયો છું.

શ્રી અલ્પેશભાઇ કથિરીયાએ સંબોધન કરતા જણાવ્યું કે, આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમા ભાજપમા જોડાવવાની તક મળી તે બદલ ભાજપના સૌ કાર્યકર્તાઓ અને

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

હોદ્દેદારશ્રીઓનો આભાર. પક્ષ અને સમાજને વિશ્વાસ આપુ છું કે સમાજના હિત અને રાષ્ટ્રહિત માટે કામ કરીશું.

આ કાર્યક્રમમા રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી પ્રફુલભાઈ પાનસેરિયા, શહેર પ્રમુખ શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, મેયરશ્રી દક્ષેશભાઇ માવાણી, શ્રી મુકેશભાઇ દલાલ, ધારાસભ્યશ્રી કાંતિભાઇ બલર, ડે.મેયરશ્રી દિનેશભાઇ, શ્રી ભાવનાબેન પટેલ, સંગઠનના મંત્રીશ્રી દેવિકાબેન, સામાજીક અગ્રણી અને ઉદ્યોગપતિશ્રી મુકેશભાઇ પટેલ,કોર્પોરેટરશ્રીઓ સહિત જીલ્લા અને પ્રદેશના હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)